ઇ-મેઇલનં. ૩૬૦

ક્રમાંક:કોમ્પ્યુટર/વેબસાઇટ/સા.ગાથા/૩૬૦/૨૦૨૦
પોલીસ અધિક્ષક ની કચેરી,
આણંદ, તા.૦૨/૧૧/૨૦૨૦.

પ્રતિ,
M/S DRC Systems India Pvt. Ltd.
ગાંધીનગર.
Email - sanjay.modi@ia.ooo
Email - tech-cell@gujarat.gov.in

**વિષયઃ-** પોલીસ સાફલ્યગાથા વેબસાઇટ ઉપર મુકવા બાબત.

**હવાલોઃ-** અધિક પોલીસ મહાનિદેશક શ્રી,તકનીકી સેવાઓ અને એસસીઆરબી, ગુ.રા., ગાંધીનગર નાઓના પત્ર ક્રમાંકWL-2/Website/05/2019 તા. 17/01/2019 અન્વયે

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અને હવાલા અન્વયે જણાવવાનું કે, આણંદ જીલ્લાની પોલીસ સાફલ્ય ગાથાની અપડેટ માહિતી તા.૨૬/૧૦/૨૦૨૦ થી તા.૦૧/૧૧/૨૦૨૦ સુધીની જે આણંદ જીલ્લાની વેબસાઇટમાં ફ્રન્ટ પેઝ ઉપર "અવનવું સેકશનમાં" સ્કોલ થાય તે રીતે મુકવા વિનંતી છે.


| | | |
|---|---|---|
| તા ૨૬/૧૦/૨૦૨૦<br>થી<br>તા.૦૧/૧૧/૨૦૨૦ | |  |

SPECIAL OPERATION GROUP
ANAND

તા.૨૮-૧૦-૨૦૨૦

પાસપોર્ટમા વર્ક પરમીટના નકલી વિઝા સ્ટીકર લગાવી દેશ ભરના નાગરીકો સાથે છેતરપીંડી કરતા મુખ્ય સુત્રધારને દીલ્હી ખાતેથી ભારતીય પાસપોર્ટ નંગ -૪૪ તથા લેપટોપ / પ્રીંટર તથા FLASH STAMP SYSTEM મશીન સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરતી એસ.ઓ.જી. આણંદ

મે.પોલીસ અધિક્ષકશ્રી અજીત રાજયાણ સાહેબશ્રી આણંદ નાઓએ એસ.ઓ.જી. ને લગતી અસરકારક કામગીરી કરવા સારૂ આપેલ સુચના અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પો.કો. વિરભદ્રસિંહ નરેન્દ્રસિંહ બ.નં.૧૩૮ નાઓને ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે, જયેશભાઇ મંગળભાઇ રહે- આણંદ તથા દીલ્હીનો લકી નામનો ઈસમ કેનેડા વર્ક પરમીટના નકલી વિઝા સ્ટીકર પાસપોર્ટમા લગાવી આપી નાગરીકો સાથે છેતરપીંડી કરતા હોય અને હાલમા તેઓની પાસે કેનેડા વર્ક પરમીટના નકલી વિઝા સ્ટીકર લગાવેલ પાસપોર્ટ છે જેવી ચોક્કસ બાતમી હકીકત આધારે સદર ઈસમ પાસેથી મળેલ પાસપોર્ટ દીલ્હી ખાતે આવેલ કેનેડા એમ્બેસીમા વેરીફીકેશન માટે મોકલતા સદર પાસપોર્ટમા લગાવેલ કેનેડા વર્ક પરમીટના વિઝા નકલી હોવાની હકીકત માલુમ પડતા સદર ઈસમોને પકડી તેઓના વિરૂધ્ધમા આણંદ ટાઉન પો. સ્ટે.ગુ.ર.નંબર ૧૧૨૧૫૦૦૨૨૦૧૪૬૦/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૪૬૫,૪૬૭,૪૬૮,૧૧૪ મુજબનો ગુનો તા.૨૬/૦૮/૨૦૨૦ ના રોજ રજીસ્ટર થયેલ જેની તપાસ પોલીસ ઇન્સપેક્ટર શ્રી જી.એન.પરમારનાઓ દ્વારા ચલાવી તપાસ દરમ્યાન દીલ્હીના વિજયકુમાર નાઓનુ નામ ખુલતા તેને પકડવા સારૂ પો.ઈન્સ એસ.ઓ.જી. આણંદ નાઓના માર્ગદર્શન હેઠળ આણંદ ટાઉન પો.સ્ટેના પો.સ.ઈ. આર.સી.નાગોલ તથા એસ.ઓ.જી. શાખાના પો.માણસોની ટીમ બનાવી દીલ્હી ખાતે તપાસમા મોકલતા સદર ટીમ દ્વારા આ વિજયકુમારને દીલ્હી ખાતેના ખીડકી ગામેથી પકડી અત્રેની કોર્ટમા રજુ કરતા આરોપીને સાથે રાખી આગળની વધુ તપાસ કરવા સારૂ પોલીસ રીમાન્ડ માગતા આ આરોપીને સાથે રાખી પો.ઈન્સ એસ.ઓ.જી. આણંદ નાઓના માર્ગદર્શન હેઠળ આણંદ ટાઉન પો.સ્ટેના પો.સ.ઈ. આઈ.એન ઘાસુરા તથા એસ.ઓ.જી. શાખાના પો.માણસોની ટીમ બનાવી દીલ્હી ખાતે તપાસમા

| | | | |
|---|---|---|---|
| તા ૨૬/૧૦/૨૦૨૦<br>થી<br>તા.૦૧/૧૧/૨૦૨૦ | | | <br>મોકલતા આરોપી વિજયકુમારે દીલ્હી ખાતે ભાડે રાખેલ મકાનની જડતી તપાસ કરતા નીચે મુજબનો મુદ્દામાલ મળી આવેલ હોય તપાસ અર્થે કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરતી એસ.ઓ.જી. શાખા આણંદ આગળની તપાસ ચાલુમાં છે.<br>**મુદ્દામાલની વિગત:-**<br>૧) એક લેનોવો કંપનીનુ સિલ્વર કલરનુ લેપટોપ પાવર કેબલ સાથે જેની કીમત રૂ.૫૦૦૦.<br>૨) એક એચ.પી. કંપનીનુ મોડલ HP DESKJET 1050 કલર પ્રીંટર જેની કીમત રૂ.૫૦૦૦/-<br>૩) એક FLASH STAMP SYSTEM મશીન જેની કીમત રૂ.૧૦૦૦૦/-<br>૪) સિલ્વર કલર જેવી ધાતુ ઉપર અલગ- અલગ માર્કાવાળા નાની મોટી સાઇઝના સ્ટેમ્પ નંગ 30 છે જેનો ઉપયોગ જુદા જુદા દેશના બનાવટી વિઝા બનાવવા માટે કરતો હોવાનુ આરોપી જણાવે છે જેની કિમત રૂ.00 ગણી. તથા ચમકતા પ્લાસ્ટીકના immigration લખેલ સ્ટીકર કુલ નંગ-10 જેની કિમત રૂ. 00/-<br>૫) ભારતીય બનાવટના પાસપોર્ટ કુલ નંગ -૪૪ મળી કુલ રૂ.૨૦૦૦૦/- મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ છે.<br>**આરોપીનો પુર્વ ઇતિહાસ:-**<br>આરોપી વિરૂધ્ધમાં સને -૨૦૧૯ મા દીલ્હી ક્રાઇમ બ્રાંચ દરીયાગંજ ખાતે ગુ.ર.નં.૦૨૬૩/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૪૨૦, ૩૪ મુજબનો ગુનો નોંધાયેલ છે.<br>**કામગીરી કરનાર ટીમ:-**<br>પો.ઇન્સ. જી.એન.પરમાર એસ.ઓ.જી. આણંદ તથા પો.સ.ઇ. આર.સી.નાગોલ આણંદ ટાઉન પો.સ્ટે. તથા પો.સ.ઇ. આઇ.એન.ઘાસુરા આણંદ ટાઉન પો.સ્ટે., એસ.ઓ.જી. શાખાના એ.એસ.આઇ. રઇજીભાઇ બિજલભાઇ તથા અશોકભાઇ રાવજીભાઇ તથા હે.કો. નરસિંહભાઇ કાળાભાઇ તથા મયંકકુમાર પ્રવિણચંદ્ર તથા પો.કો. વિરભદ્રસિંહ નરેન્દ્રસિંહ તથા અનિરૂધ્ધસિંહ પ્રવીણસિંહ તથા હરદેવસિંહ જોરૂભા તથા કિરણસિંહ જયમલસિંહ |
| તા ૨૬/૧૦/૨૦૨૦<br>થી<br>તા.૦૧/૧૧/૨૦૨૦ | | |  |
| તા ૨૬/૧૦/૨૦૨૦<br>થી<br>તા.૦૧/૧૧/૨૦૨૦ | | |  |

<table>
<tr>
<td>તા ૨૬/૧૦/૨૦૨૦<br>થી<br>તા.૦૧/૧૧/૨૦૨૦</td>
<td></td>
<td>
પેરોલ ફર્લો સ્કોડ<br>આણંદ<br><br>
<u>નડીયાદ સબ જેલ ના કાચા કામના પેરોલ જમ્પ આરોપીને પકડી પાડતો<br>પેરોલ ફર્લો સ્કોડ, આણંદ.</u><br><br>
PRESS NOTE Date: - 30/10/2020<br><br>
મહે, પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગર નાઓ તરફથી પેરોલ જમ્પના આરોપીઓ પકડવા અંગીની ડ્રાઇવ આપેલ હોય જે અન્વયે પોલીસ અધિક્ષક શ્રી આણંદ નાઓના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો પો.સ.ઇ.શ્રી પી.એ.જાદવ સાહેબનાઓએ પેરલ જમ્પ આરોપીઓ પકડવા સુચના કરતા પેરોલ ફર્લો સ્કોડના માણસો એ પેરોલ જમ્પ આરોપીઓ પકડવાનું આયોજન કરેલ જેમાં પો.કો. પ્રતિપાલસીંહ રણજીતસિંહ તથા પો.કો. કુલદિપસિંહ સુરેન્દ્રસિંહ નાઓને ખાનગી બાતમીદારથી બાતમી મળેલ કે, નડીયાદ સબ જેલના કાચા કેદી નં.૬૯ વિપુલ ઉર્ફે ભોલો કમલેશભાઇ પટેલ રહે.નાપા તળપદ, ડેરીપાસે ગાના મેઘવારોડ, તા.બોરસદ જી.આણંદ નાઓ નડીયાદ સબ જેલ ખાતે થી તા.૨૧/૦૧/૨૦ થી દિન-૩ ની પેરોલ રજા ઉપર ગયેલ જે તા.૨૫/૦૧/૨૦૨૦ ના રોજ હાજર થવાનુ હોઇ પરંતુ હાજર નહી થઇ પેરોલ જમ્પ થયેલ હોય અને સદરી આરોપી ગામ મોવિયા તા.ગોંડલ ખાતેથી હોવાની બાતમી આધારે પેરોલ ફર્લો સ્કોડના પો.કો. પ્રતિપાલસીંહ રણજીતસિંહ તથા પો.કો. કુલદિપસિંહ સુરેન્દ્રસિંહ તથા પો.કો. કુણાણભાઇ ભગવાનદાસ તથા પો.કો. મહેબુબખાન રસુલખાન નાઓએ સદરી પેરોલ જમ્પના આરોપીને ગામ મોવિયા તા.ગોંડલ ખાતેથી તા.૨૯/૧૦/૨૦ ના રોજ હસ્તગત કરી નડીયાદ સબ જેલ ખાતે મોકલી આપી સફળ કામગીરી કરેલ છે. તા.૩૦/૧૦/૨૦૨૦.
</td>
</tr>
<tr>
<td>તા ૨૬/૧૦/૨૦૨૦<br>થી<br>તા.૦૧/૧૧/૨૦૨૦</td>
<td></td>
<td>
</td>
</tr>
</table>

| | | | | |
|---|---|---|---|---|
| તા ૨૬/૧૦/૨૦૨૦<br>થી<br>તા.૦૧/૧૧/૨૦૨૦ | | | <br>પોલીસ સબ ઇન્સ્પેક્ટરની કચેરી<br>વાસદ પોલીસ સ્ટેશન<br>આણંદ જીલ્લો | |
| તા ૨૬/૧૦/૨૦૨૦<br>થી<br>તા.૦૧/૧૧/૨૦૨૦ | | |  | |

**સહી**

**(ડી.આર.પટેલ)**

**ના.પો.અધિ.મુખ્ય મથક અને**

**ઇ-ગુજકોપ નોડલ અધિકારી**

**આણંદ.**

**પ્રતિ,**

ડાયરેકટર શ્રી, (ઇ-ગવર્નન્સ), ગુજરાત ઇન્ફોર્મેટીકસ લી.,
બ્લોક નં.-૧, આઠમો માળ, ઉધ્યોગ ભવન, સેકટર-૧૧,
ગાંધીનગર. ઇ-મેઇલ - gujinfo.gog@gmail.com

**<u>નકલ સવિનય રવાના</u>** :-

પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદ.